અમદાવાદના મહે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬, અમદાવાદ

ફો. કે. નં. ૧૧૪૨૨૧/૨૦૧૮

શ્રી સરકાર .................... ફરીયાદી.

વિરુધ્ધ

પ્રકાશભાઈ મનુભાઈ પંડયા.
મ.નં.૧, સતંકૃપા સોસા. બાજુમાં,
જીવરાજ પાર્ક, અમદાવાદ.

......................આરોપી.

*ગુનો : <u>ઈ.પી.કો. કલમ ૨૭૯, તથા ૧૮૬ અન્વયે.</u>*

**ફોજદારી કાયવાહી સંહીતાની કલમ–૨૫૨ મુજબ ઠરાવ.**

(૧) ફરિયાદ પક્ષ ના કેસ મુજબ આકામ ના આરોપી તા. ૨૦/૭/૧૮ ના રોજ કલાકના અરસામાં જાહેરરોડ ઉપર પોતાના કબજાનુ વાહન પુરઝડપે ,ગફલતભરી રીતે,માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આ કામના ફરિયાદી/સાહેદને અથડાવી, સાદીઈજા પહોચાડી,નાસી જઈ ભા.ફો. ધારાનીકલમ *૨૭૯, તથા ૧૮૬* મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.પોલીસે ગુનો નોંધી તપાસ કરી આ કામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)આરોપી અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને પોલીસ પેપસની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છેં. આથી અદાલતે તેને ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સજા થઈ શકે તે સમજાવેલ છે. ત્યાર બાદ પ્લી રેકડ કરતાં, તેમાં પણ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.આથી કબુલત સ્વેચ્છાપુવકની હોવાની ખાત્રી કયા બાદ પુરસીસ રેકડ કરવામા આવી.અને ત્યાર બાદ આરોપીને સજા અંગે સાંભળવામા આવ્યા.

(૩)આરોપીઓગુનાની કબુલત સ્વૈચ્છીક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ છે.પોતાનો આ પ્રથમ ગુનો હોય, ભવિષ્યમા ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથારહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે.પોતે ગરીબ વગના અને કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે.પોતાના અને કુટુંબના ભવિષ્યિને લક્ષમા રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતીકરે છે.

(૪) આરોપીએ ગુનો કબુલ કરતા સજા થવી જોઈએ તેમ આ અદાલત માને છે,તેમજ સમાજના હીતમા પણ આરોપીને સજા કયા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપી ઓની રજુઆતો ધ્યાનમા લેતાં તેમજ પુરસીસ વંચાણે લેતા અને નામ. ગુજ. હાઈ.ના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૯ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિદધાંત તથા સંજોગોને ધ્યાને લેતા ,આ કામમાં આરોપીને સુધરવાની તક આપી યોગ્ય સજા કરવી જોઈએ.તથા હાલના ગુનામા ઓછામા ઓછી સજા નિયત કરવામા આવેલ નથી.આથી ગુનાનોપ્રકાર,આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ,ગુનાનો અહેસાસ માત્રથાય તેટલી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, તેમ આ અદાલત માને છે.

(૫)આરોપીઓ સામેનો ગુનાનો આરોપ,ગુનાનો પ્રકાર,આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં અને આરોપી ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય,ન્યાયના હીતમા નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**હુકમ**

આરોપી ને–ભા.ફો. ધારાનીકલમ *૨૭૯, તથા ૧૮૬* અન્વયેના ગુના સબબ ફોજદારી કાયવાહી સંહિતાની કલમ –૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવવામા આવે છે.

ઉપરોકત આરોપીનેભા.ફો. ધારાનીકલમ *૨૭૯* ના ગુના તથા રૂા. ૫૦૦/– અંકે રૂપિયા પાંચ સો પુરાના દંડની સજા કરવામા આવે છે

ઉપરોકત આરોપીને ભા.ફો. ધારાનીકલમ *૧૮૬અન્વયેના ગુના સબબ રૂા. ૫૦૦/– અંકે રૂપિયા પાંચ સો પુરાના દંડની સજા કરવામા આવે છે*

*કુલ રૂા. .૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)* નો દંડ કરવામા આવે છે.દંડ ભરવામા કસુર કયે દિવસ ૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીનાખત તથા જામીનખત રદ કરવામા આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમા સ્પે. મેજીસ્ટ્રેયલ સીટીગ મા વાંચી સંભળાવી જાહેર કયો.

સ્થળ: અમદાવાદ.

એડીશ્નલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ

તારીખ ૦૮/૦૨/૨૦૨૦

કોર્ટ નં.૧૬, અમદાવાદ